- આ રીતે એક પછી એક ૧૦૦-૧૦૦ કિલોના ૧૦ થર કરો અને વચ્ચે યૂરિયાનું દ્રાવણ બનાવી છાંટતા જાવ અને દબાવતા જાવ.
- આ પ્રક્રિયા કરેલ કુંવળ/ભૂસાંને હવે પ્લાસ્ટીકની મોટી સીટથી ઢાંકી દો અને જમીનને અડતી પ્લાસ્ટીકની કીનારીઓ ઉપર માટી નાંખી દો. જેથી તેમાં ઉત્પન્ન થનાર ગેસ બહારના નીકળી શકે.

**ધ્યાનમાં રાખવા યોગ્યા બાબત :-**

- પાકું ભોળતળીયું હોવું જોઈએ. જો કાચુ હોય તો નીચે પ્લાસ્ટીક પાથરી તેના પર પ્રક્રિયા કરી શકાય છે.
- ઉનાળામાં ૨૧ દિવસ અને શિયાળામાં ૨૮ દિવસ પછી જ ઢગલાને ખોલવો.
- ખવડાવતાં પહેલા લગભગ ૧૦ મીનીટ સુધી ખુલ્લી હવામાં ફેલાવી રાખવું.
- શરૂઆતમાં થોડું થોડું આપવું ત્યારબાદ આદત પડતા ધીરે ધીરે વધારવું જોઈએ.

**તાત્કાલિક ખવડાવવા માટે :-**

- ૧૦૦ કિગ્રા કુંવળ – ભૂંસા/૩૦ લીટર પાણી / ૧.૫ કિગ્રા યૂરિયા + ગોળનું પાણી (૧%) + મીનરલ મીક્ષર (૧ થી ૧.૫ કિલો) + મીઠું (૫૦૦ ગ્રા) + વિટાબ્લેન્ડ (૨૫ ગ્રા)

**નોંધ : છ માસની નીચેની ઉંમરના વાગોળતા પશુને યુરિયા પ્રક્રિયા કરેલ પરાળ ખવડાવવું જોઈએ નહીં.**

**૪. મીનરલ મીક્ષર (ખનીજ ક્ષારો) :-**

શરીર મુખ્યત્વે પાણી, પ્રોટીન, તૈલી પદાર્થ તથા ખનીજ ક્ષારોનું બનેલું હોય છે. ખનીજ ક્ષારો હાડપિંજર તથા લોહી બંધારણ, પાચક રસો અને વિટામીન્સની રચનાઓ સાથે સંકળાયેલ છે. વિવિધ ક્ષારોની પશુઓને વધતા ઓછા પ્રમાણમાં જરૂરીયાત રહે છે. મિનરલ મિક્ષરમાં આ તમામક્ષારો જરૂરીયાત મુજબની માત્રામાં હોય છે. જે પશુઓની દેહધાર્મિક ક્રિયાઓ અને ક્રમિક વિકાસમાં અગત્યનો ભાગ ભજવે છે. આથી, દરેક મોટા જાનવરને દરરોજ ૫૦ ગ્રામ જેટલું મીનરલ મીક્ષર (ખનીજ ક્ષારો) ખવડાવવું જોઈએ. તેમજ નાના જાનવરોને દૈનિક ૫ ગ્રામ જેટલું મીનરલ મીક્ષર (ખનીજ ક્ષારો) ખવડાવવું જોઈએ. તેમજ નાના જાનવરોને દૈનિક ૫ ગ્રામથી શરૂઆત કરી ઉંમર પ્રમાણે વધારતા જઈ પુખ્ત અવસ્થાએ ૫૦ ગ્રામ મીનરલ મીક્ષર ખાઈ શકે તે પ્રમાણે ખવડાવવું જોઈએ.

**ફાયદા :-**

- વાછરડા કે વાછરડીઓનો વૃદ્ધિદર વધારે છે.
- પ્રજનન શક્તિ અને રોગ પ્રતિકારક શક્તિ વધારે છે.
- બે વીયાણ વચ્ચેનો ગાળો ઘટાડે છે.
- વીયાણ સમયે થતા રોગો (સુવા રોગ, કિટોસીસ, પેશાબમાં લોહી આવવું) અટકાવે છે.


**૫. બાયપાસ ખોરાક પધ્ધતિ :-**

શરીરના વિકાસ તેમજ દૂધ ઉત્પાદન માટે પ્રોટીન ખુબ જ જરૂરી છે. સામાન્ય રીતે પશુ આહારમાં ઉપલબ્ધ પ્રોટીન મોટેભાગે જાનવરના પહેલા જટરમાં રહેલા સુક્ષ્મજીવો દ્વારા તુટી જાય છે. જ્યારે બાયપસ પશુ આહારમાંનું મોટાભાગનું પ્રોટીન જાનવરના પહેલાં જઠરમાં ન તુટતા આગળ નિકળી જાય છે. જેનાથી પશુ તેનો ખુબ સારી રીતે ઉપયોગ કરી શકે છે. આ પધ્ધતિમાં કુત્રિમરીતે બનાવેલ ખોરાક દુધાળા જાનવરોને આપવામાં આવે છે. જેનાથી વધારે પોષક તત્ત્વોનો વધારે ઉપયોગ દૂધાળુ જાવનર કરી શકે. તેમજ સમતોલ પશુ આહારની સરખામણીમાં બાયપાસ પ્રોટીનવાળો આહાર જરૂરિયાતમાં ફક્ત ૭૦ ટકા જેટલો જ આપવો પડે છે.

**૬. સુમિશ્રિત દાણ :-**

સામાન્ય રીતે, કોઈ એક જ દાણમાં તમામ પોષકતત્ત્વો (પ્રોટીન, એનર્જી, ક્ષારો તેમજ પ્રજીવકો) સપ્રમાણ હોતા નથી. દા.ત. અનાજ અને તેની આડપેદાશોમાંથી એનર્જી વધુ મળે છે, પરંતુ પ્રોટીન પૂરતા પ્રમાણમાં મળતું નથી. આથી, પશુઓને જરૂરીયાત મુજબના તમામ પોષકતત્ત્વો મળી રહે તે માટે એક કરતા વધુ દાણયને મિશ્ર કરી દાણ બનાવવું જોઈએ. આમ, વિવિધ દાણને મિશ્ર કરીને બનાવેલું દાણ એટલે સુમિશ્રિત દાણ, સુમિશ્રિત દાણ વાપરવાના ઘણા ફાયદા છે. સુમિશ્રિત દાણ જુદા જુદા પ્રકારના દાણને મિશ્રણ કરવાથી બનાવવમાં આવે છે. જેથી સસ્તુ પડે છે અને દાણનો ખર્ચ ઘટાડી શકાય છે. સુમિશ્રિત દાણમાં ક્ષારો (૧-૨ ટકા જેટલા) અને મીઠું (૧-૨ ટકા જેટલું) વાપરવામાં આવે છે જેથી સૂક્ષ્મક્ષારોની ઉણપ નિવારી શકાય છે. સુમિશ્રિત દાણનો ઉપયોગ કરવાથી પોષક તત્ત્વોનો બગાડ અટકાવી શકાય છે. આવા સુમિશ્રિત દાણનો સંગ્રહ કરી અછતના સમયમાં પણ ઉપયોગ કરી પશુઓને પોષણક્ષમ આહાર આપી શકાય છે. આમ, પશુઆહારમાં સુમિશ્રિત દાણનો ઉપયોગ કરવો સલાહ ભરેલું તેમજ પશુપાલકો માટે ફાયદાકારક છે.

# પશુઓનું દૈનિક આહાર વ્યવસ્થાપન




: સંકલન :

ડૉ. વી. આર. દેસાઈ

ડૉ. એન. પી. શુક્લ

લૉકભારતી ગ્રામવિદ્યાપીઠ

**કૃષિ વિજ્ઞાન કેન્દ્ર**

મુ.પૉ. સણૉસરા, તા. શિહોર,

જી. ભાવનગર - ૩૬૪૨૩૦ ફોન : (૦૨૮૪૬) ૨૮૩૯૯૯

Email : kvkbhavanagar@gmail.com


ભાકૃઅનુપ ICAR


**પ્રકાશન વર્ષ : ૨૦૨૦-૨૧**

# પશુઓનું દૈનિક આહાર વ્યવસ્થાપન

આપણા ખેતીપ્રધાન દેશમાં ખેતીની સાથે સાથે પશુપાલન પણ એક પૂરક તેમજ સ્વતંત્ર વ્યવસાય તરીકે વિકસી રહ્યું છે, ત્યારે ઉપલબ્ધ પાણી દ્વારા ખેતી તથા પશુપાલનનો વ્યવસાય ખેડૂતો માટે નફાકારક બની રહે તે માટે ખેતી-પશુપાલન ક્ષેત્રે મહત્વની બાબતોમાં યોગ્ય વ્યવસ્થાપન ગોઠવાય તે ખૂબ જ જરૂરી છે. પશુપાલનની વાત કરીએ તો, આ વ્યવસાયનું સૌથી અગત્યનું પરિબળ પશુઓનું આહાર વ્યવસ્થાપન છે. પશુપાલનનો મહત્તમ ખર્ચ (આશરે ૭૦%) પશુઆહારનો છે. નફાકારક પશુપાલન માટે ગણતરીપૂર્વકનું પશુઆહાર વ્યવસ્થાપન અને પશુઆહારની જરૂરીયાતનો પશુપાલકને ખ્યાલ હોવો જરૂરી છે. આથી, પશુપાલનના વિવિધ તબક્કે જરૂરી પશુપાલનની નીચે મુજબ છણાવટ કરેલ છે.

### ૧. એક વર્ષથી વધુ ઉંમરના વાછરડા પાડીઓનો આહાર : -

ઉંમર પ્રમાણે સુમિશ્રિત દાણ ૧ થી ૨ કિ.ગ્રા., કઠોળ વર્ગનો લીલો ચારો ૧ થી ૩ કિ.ગ્રા. અને ધાન્ય વર્ગનો લીલો ચારો ૨ થી ૭ કિ.ગ્રા. જ્યારે વાછરડા નાના હોય ત્યારે સારી જાતનો કુમળો ચારો આપવો.

### ૨. વસુકેલ ગાય-ભેંસનો આહાર :-

સુમિશ્રિત દાણ ૧ - ૧.૫ કિ.ગ્રા., કઠોળ વર્ગનો લીલો ચારો ૩ કિ.ગ્રા., ધાન્ય વર્ગનો લીલો ચારો ૧૦ કિ.ગ્રા. અને ખાય તેટલા સુકો ચારો (ઓછામાં ઓછો ૬-૯ કિ.ગ્રા.)

### ૩. દુધાળ ગાય-ભેંસનો આહાર :-

પશુના નિભાવ માટે સુમિશ્રિત દાણ ૧ કિ.ગ્રા. તેમજ દૂધ ઉત્પાદન માટે ઉત્પાદનના ૪૦ થી ૫૦ ટકા એટલે કે દર ૨ થી ૨.૫ કિ.ગ્રા. દૂધ દીઠ ૧ કિ.ગ્રા. વધારાનું દાણ તેમજ કઠોળ વર્ગનો લીલો ચારો ૪ થી ૫ કિ.ગ્રા., ધાન્ય વર્ગનો લીલો ચારો ૮ થી ૧૦ કિ.ગ્રા., ખાઈ શકે તેટલો સુકો ચારો. સંકર પશુને લીલો ચારો વધુ આપવો જોઈએ તેમજ તેના નિભાવ ખર્ચ માટે ૧ ને બદલે ૧.૫-૨ કિ.ગ્રા. દાણ આપવું.

### ૪. ગાભણ ગાય-ભેંસનો આહાર :-

ગાભણ ગાય ભેંસને વસુકેલ પશુ મુજબ આહાર આપવો અને ગર્ભાવસ્થાના છેલ્લા ત્રણ મહિના દરમ્યાન ૨ કિ.ગ્રા. સુમિશ્રિત દાણ આપી તેની માત્રા વધારતા જઈ પશુ વિવાય ત્યારે ૩-૪ કિ.ગ્રા. દાણ ખાઈ શકે તે રીતે વધારવું.

### ૫. બળદનો આહાર :-

| દાણ ઘાસ | કામ ન હોય ત્યારે | કામ હોય ત્યારે |
|---|---|---|
| સુમિશ્રિત દાણ | ૧ કિ.ગ્રા. | ૨-૩ કિ.ગ્રા. |
| લીલા કઠોળ વર્ગનો ચારો | ૩ કિ.ગ્રા. | ૪-૫ કિ.ગ્રા. |
| લીલો ધાન્ય વર્ગનો ચારો | ૧૦-૧૨ કિ.ગ્રા. | ૧૨-૧૫ કિ.ગ્રા. |
| સુકો ચારો | ખાય તેટલો | ખાય તેટલો |

### ૬. આખલા-પાડાનો આહાર :-

આખલા તથા પાડાનો નિભાવ માટે સુમિશ્રિત દાણ ૨ થી ૩ કિ.ગ્રા., કઠોળ વર્ગનો લીલો ચારો ૫ કિ.ગ્રા. અને ધાન્ય વર્ગનો લીલો ચારો ૧૦ કિ.ગ્રા. આ ઉપરાંત ખાઈ શકે તેટલો સુકો ચારો આપવો જોઈએ.

ઉપરોક્ત જણાવેલ પશુઓના આહાર વ્યવસ્થાપનમાં જ્યારે લીલો ચારો પૂરતા પ્રમાણમાં ન હોય ત્યારે ૨૦૦ ગ્રામ વધારાનું દાણ દર એક કિ.ગ્રા. કઠોળ વર્ગના લીલા ચારાની અવેજીમાં આપવું. જો કે પ્રત્યેક પશુને ઓછામાં ઓછો ત્રણ થી પાંચ કિ.ગ્રા. લીલો ચારો રોજ મળવો જોઈએ.

## આહાર વ્યવસ્થાપન માટે અગત્યની આહાર પદ્ધતિઓ

### ટોટલ મીક્ષ રાશન :-

ટોટલ મીક્ષ્ડ રાશન એટલે પશુને ૨૪ કલાક દરમ્યાન આપવામાં આવતું દાણ, લીલું, સુકું, મીનરલ મીક્ષર, મીઠું, મોલાસીસ, વગેરે ભેગું કરીને પશુના વજન પ્રમાણે ખવડાવવું.

પશુનું વજન ૪૦૦ કિ.ગ્રા. પ્રમાણે દૈનિક જરૂરીયાત

| પશુ આહાર | નિભાવ માટે | દૂધ માટે | કુલ |
|---|---|---|---|
| લીલું | ૧૦ કિ.ગ્રા. | ૧૦-૧૫ કિ.ગ્રા. | ૨૦-૨૫ કિ.ગ્રા. |
| સૂકું | -- | -- | ૬ કિ.ગ્રા. |
| દાણ | ૧.૫ કિ.ગ્રા. | ૫૦૦ ગ્રા પ્રતિ લીટર (૫૦%) | -- |
| મીનરલ મીક્ષર (ખનીજ દ્રાવ્ય) | ૫૦ ગ્રા. | ૫૦ ગ્રા. | ૧૦૦ ગ્રા. |
| વીટામીન્સ | -- | -- | ૨૫ ગ્રા. |
| મીઠું | -- | -- | ૨૦-૩૦ ગ્રા. |

### ચાફ કટર :-

ચાફ કટરની મદદથી લીલા અને સુકા ઘાસચારાના બે થી ત્રણ સે.મી.ની ટુકડા કરી જાનવરને ખવડાવવું. મકાઈ, બાજરી, જુવાર વગેરે સખત અને જાડી દાંડીવાળા હોવાથી પશુ તેને પુરેપુરું ન ખાતા ઉપરનો ભાગ કે તેના પાન જ ખાય છે. જ્યારે દાંડીવાળો ભાગ ખાતા નથી. જે છેવટે ઉકરડે જતું હોય છે. સંશોધનના આધારે સાબિત થયઢેલ છે કે ટુકડા કર્યા વગર ઘાસ નીરવાથી ૨૦% જેટલો ઘાસનો બગાડ થાય છે. જે લીલા-સુકાચારાને ચાફકટર કે સુડાથી ૨-૩ સે.મી.ના ટુકડા કરી નીરવામાં આવે તો પશુ વધુ ખાઈ જાય છે. ઘાસ કાપવાનો સુડો સ્થાનિક લુહાર બનાવી શકે છે અથવા ઘણી સંસ્થા આ વેચાણ કરે છે.

### ચાફ કટરના ફાયદા :

- શક્તિનો વ્યવ ઓછો થાય છે.
- પાચન શક્તિમાં વધારો થાય છે. કારણ કે પાચક રસો વધારે પ્રમાણે ઝરે છે.
- પાચન ક્રિયા ઝડપી થાય છે.
- દવા કે પાવડર સારી રીતે મિશ્ર કરી શકાય છે.
- પશુના દૂધ ઉત્પાદન અને પ્રજનન શક્તિમાં વધારો થાય છે.

### સૂકા પરાળની ચુરીયાથી માવજન

આ પધ્ધતિથી પાચન શક્તિ અને ઉત્તમ ગુણવત્તા ધરાવતો ખોરાક બનાવી શકાય છે. આ પધ્ધતિથી ૩ ટકા પ્રોટીન ધરાવતા અને ૪૦ ટકા પાચક તત્વો ધરાવતાં સુકા પરાળમાંથી ૯-૧૦ ટકા પ્રોટીન અને ૫૫-૬૦ ટકા પાચકતત્વો ધરાવતો ખોરાક બનાવી શકાય છે.

**પદ્ધતિ :-** એક ટન કુંવળ/ભૂસાં માટે ૪૦ કિલો યૂરિયા અને ૪૦૦ લીટર પાણીની જરૂરીયાત પડે છે.

- ૪ કિલો યૂરિયાને ૪૦ લીટર પાણીમાં ઓગાળો.
- ૧૦૦ કિલો કુંવળ/ભૂસાંને જમીન પર એવી રીતે ફેલાવવું કે જેથી તેના થરની જાડાઈ ૩-૪ ઈંચની રહે.
- ઉપર પ્રમાણે તૈયાર કરેલ ૪૦ લીટર દ્રાવણને આ ફેલાવેલા કુંવળ/ભૂસાં ઉપર ઝરાથી છાંટો. પછી કુંવળ/ભૂસાંની ઉપર ચાલી ચાલીને અથવા કુદી કુદીને બરાબર દબાવો.
- આ દબાવેલા ભૂસાં ઉપર ૧૦૦ કિલો ભુસું ફરીથી પાથરી અને ફરીથી ૪ કિલો યૂરીયાને ૪૦ લીટર પાણીમાં ઓગાળી દ્રાવણનો ફરીથી ભુસાં ઉપર ઝારાથી છંટકાવ કરો અને દબાવો.